# રાજસ્થાની તંત્ર અને પોલીસે માનવતા નેવે મૂકી

# શામળાજી નજીક ૯૦૦ જેટલા શ્રમિકોને પરત મૂકી જતા હાલત દયનિય





કોરોના વાઈરસે સમગ્ર વિશ્વમાં હાહાકાર મચાવ્યો છે ત્યારે શહેરોમાંથી શ્રમિકો કામધંધો ન મળવાને કારણે પોતાના વતન તરફ હિજરત કરી રહ્યા છે. ત્યારે સરકારે આદેશ કર્યો છે કે લોકડાઉનને પગલે શ્રમિકોને જે તે જગ્યાએ જ જમવા તેમજ રહેવાની વ્યવસ્થા કરી દેવામાં આવે. હાલ શામળાજી નજીક ૫૦૦ જેટલા રાજસ્થાની શ્રમિકોને કોરોન્ટાઈન કરવામાં આવ્યા છે ત્યારે રાજસ્થાન સરકારે સરહદ સીલ કરતા પહેલા ગુજરાતમાં રહી રોજગારી મેળવતા રાજસ્થાનીઓ સહીત ઉત્તરપ્રદેશ અને મધ્યપ્રદેશના શ્રમિકો તેમના વતનમાં જવા પ્રયત્નશીલ હતા ત્યારે રાજસ્થાન પોલીસે તેમને અટકવી લકઝરી બસોમાં ભરી પરત ગુજરાતના અરવલ્લી જીલ્લાની શામળાજી નજીક આવેલ રતનપુર ચેકપોસ્ટ તરફ મૂકી જતા શ્રમિકોની હાલત ''જાયે તો કહા જાયે'' જેવી સ્થિતિનું નિર્માણ થયું હતું. રાજસ્થાન પોલીસ અને ગુજરાત પોલીસ વચ્ચે રકઝક પણ થઈ હતી બંને રાજ્યની પોલીસ ટસની મસ ન થતા શ્રમિકોની હાલત દયનિય બનાવની સાથે કોરોના બૉમ્બ જેવી સ્થિતિનું નિર્માણ થયું છે. રેન્જ આઈજી મયંકસિંહ ચાવડા પણ ઘટનાસ્થળે ધસી આવ્યા હતા.

પ્રાપ્ત માહિતી અનુસાર રાજસ્થાનમાંથી ગુજરાત સહીત દક્ષિણ પ્રદેશના રાજ્યોમાં ધંધા-રોજગાર અને આજીવિકા માટે સ્થાયી થયેલા લોકો લોકડાઉનની જાહેરાત સાથે જ પરપ્રાંતીય શ્રમિકો ખાનગી વાહનો અને જે વાહન મળ્યું તે લઈ અને પગપાળા વતન તરફ પ્રયાણ કરતા માર્ગો પર કીડિયારું ઉભરાયું હતું. રાજસ્થાનની સરહદો સીલ કરતા શ્રમિકો રતનપુર ચેકપોસ્ટ નજીક અટવાયા હતા લોકડાઉનમાં હોટેલ અને તમામ દુકાનો પણ બંધ રહેતા હાલત કફોડી બનતા શામળાજી મહિલા પીએસઆઈ એસ.એમ. પરમાર અને સેવાકીય સંસ્થાઓ ખડેપગે લોકડાઉન જાહેર થયું ત્યારથી શ્રમિકોને તમામ મદદ પુરી પાડી હતી ત્યારે રાજસ્થાન સરકારે આંતરરાજ્ય સરહદો પરથી સીલ હટાવી દઈ ગુજરાતમાંથી પરત ફરતા લોકોને પ્રવેશ આપવા માટે કામગીરી હાથ ધરી લોકોનું રજીસ્ટ્રેશન અને સેનેટરી જ કરીને જે ગામના હોય તે ગામનું નામ સરનામું લખીને રાજસ્થાનની બસો મારફતે તેમના વતન મોકલી આપવામાં આવ્યા હતા.

સોમવારે સાંજે રાજસ્થાન સરકાર અને પોલીસતંત્ર દ્વારા ઉદેપુર નજીક અટવાયેલા રાજસ્થાન સહીત અન્ય રાજ્યોના ૧૫૦૦ જેટલા શ્રમિકોને વતન પહોંચાડવાનું જણાવી લકઝરી બસ મારફતે ગુજરાતની આંતરરાજ્ય સરહદ શામળાજી રતનપુર ચેકપોસ્ટથી ગુજરાતમાં પરત મુકવા આવતા શામળાજી પોલીસે ગુજરાતમાં પ્રવેશતા અટકાવતા રાજસ્થાન પોલીસ રતનપુર ચેકપોસ્ટ પર ઉતારી દેતા ભારે હોબાળો થયો હતો. રાજસ્થાન સરકાર અને પોલીસ માનવતા મૂકી અને જવાબદારીમાંથી છટકવા માંગતી હોય તેવા વર્તનથી અરવલ્લી પોલીસતંત્રમાં ભારે રોષ જોવા મળ્યો હતો. બંને રાજ્ય પોલીસની કામગીરીથી હાલતો ૧૫૦૦ જેટલા શ્રમિકો નિસહાય બની ગયા છે એકબાજુ સોશ્યલ ડેસ્ટિનેશનની વાતો થઈ રહી છે બીજીબાજુ શ્રમિકોના મેળાવડાથી કોરોનમાં સપડાવાનો ભય પેદા થયો છે. અરવલ્લી જીલ્લા વહીવટીતંત્ર અને પોલીસતંત્રએ રાજ્ય સરકાર સાથે ચર્ચા કરી નિર્માણ થયેલી સ્થિતિને પહોંચી વળવા માર્ગદર્શન લઈ રહ્યું છે.



### રાજસ્થાન પોલીસે શ્રમિકો પર લાઠીચાર્જ કરતા શ્રમિકો રડી પડ્યા

રાજસ્થાન પોલીસે ઉદેપુર નજીકથી શ્રમિકો સાથે છેતરપિંડી કરી વિવિધ વાહનો મારફતે રતનપુર ચેકપોસ્ટ નજીક ઉતારી દેતા અને શ્રમિકો માટે કોઈપણ જાતની વ્યવસ્થા ન કરતા શ્રમિકોએ હોબાળો મચાવતા રાજસ્થાન પોલીસે દયાહીન બની લાઠીચાર્જ કરતા શ્રમિકોમાં રહેલા બાળકો મહિલાઓ સહીત યુવકો રીતસરના રડી પડ્યા હતા અને ઘરે જવા આજીજી કરતા નજરે પડતા હતા.




### અરવલ્લી પોલીસ પરપ્રાંતીય શ્રમિકોની મદદે

રતનપુર ચેકપોસ્ટ નજીક નિસહાય હાલતમાં રાજસ્થાન પોલીસે ખડકી દીધેલા ૧૫૦૦ જેટલા શ્રમિકોની વ્હારે રાજ્ય સરકાર અને અરવલ્લી પોલીસતંત્ર આવ્યું હતું તમામ શ્રમિકોને અરવલ્લી જીલ્લાના વિવિધ શેલ્ટર હોમમાં રાખવામાં આવશે. હાલ આરોગ્ય વિભાગની ટીમે તમામ શ્રમિકોનું રજીસ્ટ્રેશન અને સ્ક્રીનિંગની કામગીરી હાથ ધરી હતી. અરવલ્લી જીલ્લા પોલીસતંત્ર ખડેપગે શ્રમિકોની સેવા કરી માનવતાનું ઉદાહરણ પૂરું પાડ્યું હતું.


# વિશ્વ કોરોનાથી ત્રાહિમામ છે, અહીંયા લોકો દારૂડિયાઓથી ત્રસ્ત

## મોડાસાના બોલુન્દ્રા સરપંચે દારૂડિયાઓને કાબુ લેવા પોલીસને લખ્યો પત્ર

મોડાસા, તા. ૩૧

સમગ્ર વિશ્વ હાલ કોરોનની મહામારી સામે ઝઝૂમી રહ્યું છે. ગુજરાતમાં અત્યાર સુધીમાં કોરોના પોઝિટિવના ૭૩ દર્દી કોરોનગ્રસ્ત છે જ્યારે ૬ લોકોને કોરોના ભરખી ગયો છે. કોરોના અટકાવવા ૨૧ દિવસનું લોકડાઉન જાહેર થતા પોલીસતંત્ર કોરોનાને પ્રસરતો અટકાવવા કામગીરીમાં લાગી ગઈ છે. પોલીસની કામગીરી બદલાતા દારૂબંધીની ઝુંબેશને બ્રેક લાગી છે, બુટલેગરોએ દારૂ પીવાથી કોરોના વાયરસ મરે છે તેવી પોસ્ટ સોશ્યલ મીડિયામાં વાઈરલ કરી કોરોનાની મહામારીમાં પણ બુટલેગરો ધંધામાં તેજી લાવી દીધી છે ત્યારે અરવલ્લી જીલ્લાના મોડાસા તાલુકાના બોલુન્દ્રા ગ્રામ પંચાયત વિસ્તારમાં દેશી-વિદેશી દારૂનો વેપલો કરતા અને દારૂ પીને દારૂડિયાઓ બિભસ્ત વર્તન કરતા હોવાથી સરપંચે મોડાસા રૂરલ પોલીસ સ્ટેશનમાં પત્ર લખી અસામાજિક તત્વો સામે પ્રોહોબિશન કાર્યવાહી કાર્યવાહી કરવામાં આવેની માંગ કરી છે.

અરવલ્લી જીલ્લા પોલીસતંત્ર લોકડાઉનની અમલવારીની કામગીરીમાં અટવાતા બુટલેગરો બિન્દાસ્ત બન્યા છે. દેશી-વિદેશી દારૂની રેલમછેલ કરી લોકડાઉનમાં દારૂના બંધાણીઓ પાસેથી મનફાવે તેટલા રૂપિયા પડાવી ખિસ્સા ભરી રહ્યા છે. લોકડાઉનમાં બુટલેગરોના દેશી-વિદેશી દારૂના અડ્ડા બંધ કરાવવામાં આવેની પોસ્ટ સોશ્યલ મીડિયામાં કરી રહ્યા છે.




મોડાસા તાલુકાના બોલુન્દ્રા ગામે મોડાસા રૂરલ પોલીસ સ્ટેશનના પીએસઆઈને ઉલ્લેખીને પત્રમાં જણાવ્યું છે કે બોલુન્દ્રા ગ્રામ પંચાયત વિસ્તારમાં અસામાજિક તત્વો દ્વારા દારૂનો ધંધો ધમધમી રહ્યો છે. દારૂ ઢીંચીને કેટલાક દારૂડિયાઓ બિન્દાસ્ત બની ગામમાં બિભસ્ત વર્તન કરતા ગ્રામજનો દારૂડિયાઓથી તોબા પોકારી ઉઠ્યા હોવાથી દારૂડિયાઓ અને દારૂ વેચાણ કરતા બુટલેગરોની ધરપકડ કરવામાં આવેલી માંગ કરી ટીંટોઈ આઉટ પોસ્ટમાં જાણ છતાં કોઈપણ પ્રકારની કાર્યવાહી કરવામાં ન આવતા મોડાસા રૂરલ પોલીસને પત્ર લખી જાણ કરવી પડી છે અને આ પત્રને ધ્યાને લઈ તાકીદે કાર્યવાહી કરવામાં આવેની માંગ કરતો બોલુન્દ્રા ગ્રામ પંચાયતના લેટરપેડ પર લખેલ સોશ્યલ મીડિયામાં વાઈરલ થયો હતો.

# ધાનેરામાં અબોલ પશુ પર કોઈએ એસિડ નાખતા ધાર્મિક લોકોની લાગણી દુભાઈ

પાલનપુર, તા. ૩૧

પશુઓ પર અત્યાચાર માં દિનપ્રતિદિન વધારો થઈ રહ્યો છે બજારમાં રખડતા અબોલ પશુ ક્યાંક લોકોને નુકસાન પહોંચાડે છે તો ક્યાંક લોકો આ અબોલ પશુઓને નુકસાન પહોંચાડે છે થોડા સમય પહેલાં પણ ધાનેરામાં કેટલાક અબોલ પશુઓ પર કોઈએ એસિડ નાખ્યું હતું અને તે બાદ આજે ફરી થી ધાનેરા વિસ્તારનાએક આખલા પર કોઈ એસિડ નાખતા લોકો એ એસિડ નાખનાર સામે ફિટકાર વરસાવ્યો હતો અને લોકો દ્વારા ગૌ સેવક ને જાણ કરતાં સ્થાનિક લોકોએ તાત્કાલિક આવી આખલા ની સારવાર કરી હતી તો સાથે સાથે લોકોએ માગણી પણ છે કે તંત્ર રખડતાં અબોલ પશુ બાબતે કોઈક નિર્ણય લે જેથી લોકોને નુકસાન ના પહોંચાડે અને લોકો અબોલ પશુ નુકસાન ન પહોંચાડે છે.

# ડીસામાં ટીકટોકથી જનજાગૃતિ લાવવાનો પ્રયાસ

કોરોના વાઈરસ પ્રત્યે જનજાગૃતિ લાવવા હવે ટીકટોક નો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે.ડીસા ની એક યુવતીએ ૧૦૦ ટીકટોક વિડીયો બનાવી જનજાગૃતિ લાવવા પ્રયાસ કર્યો છે. જોકે હાલમાં સમય નો સદઉપયોગ શાળાના બાળકો ટીકટોક થી કરી રહ્યા છે.

કોરોના વાઈરસ ને લઈને સમગ્ર વિશ્વ ચીંચિત છે ત્યારે પી એમ મોદી દ્વારા ૨૧ દિવસના લોકડાઉન બાદ સમગ્ર દેશના લોકો ઘરમાં રહે છે.સાથે સરકાર કોરોના કેટલો ભયંકર છે જે માટે જનજાગૃતિ લાવવા અનેક પ્રયાસો કરી રહી છે. પેપર માં જાહેરાત જાહેર જગ્યાઓ પર બેનરો સહિત પ્રચાર પ્રસાર માં સરકાર લાગી છે ત્યારે ઘરમાં બેઠેલા બાળકો પણ ટિકટોક ના માધ્યમથી લોક જાગૃતિ લાવવાનો પ્રયાસ કરાઈ રહ્યો છે.ધોરણ ૧૦ ની પરીક્ષા આપેલ અને હાલ લોકડાઉન ના કારણે ઘરમાં રહેલી ડીસા હેપ્પી સોસાયટી માં રહેતી સંજના ટાંક ટીકટોક દ્વારા કોરોના સામે જનજાગૃતિ લાવવા પ્રયાસ કરી રહી છે.સંજના એ ૧૦૦ થી વધુઓ ટિકટોક વિડીયો બનાવી સેર કર્યા છે જેમાં કોરોના સામે જનજાગૃતિ અને મોદી ની અપીલ માનવા જણાવ્યું છે.સાથે ધર્મ પર ચાલતા દેશ ને ઘરમાં બેસી ભગવાન ને પ્રાર્થના કરવા સાથે પી એમ મોદી ને સ્પોર્ટ કરવા જણાવ્યું છે.સંજના ટાંક એ જણાવ્યું હતું કે શાળાઓ બંધ છે અને પી એમ મોદી એ ૨૧ દિવસ લોકડાઉન નો આદેશ કર્યો છે ત્યારે ઘરમાં બેસીને દેશવાસીઓ ને જાગૃત કરવા ૧૦૦ જેટલા ટિકટોક વિડીયો બનાવ્યા છે.જેમાં કોરોના વાઈરસ ને ગંભીરતાથી લેવા,ઘર બહાર ન નીકળવા,પી એમ મોદી ના આદેશ નું પાલન કરવા જણાવું છું.હું અને મારો ભાઈ ઘરે બેઠા જનજાગૃતિ લાવવાનો પ્રયાસ કરીએ છીએ.હજારો લોકો અમારી આ વિન્નતી ને માની ને લાઈક પણ કરે છે.ત્યારે હું પણ ખુશ છું કે મારા ટિકટોક લોકો ને જાગૃત કરે છે.



હાલ લોકડાઉન ને લઈને પરિવાર બાળકો સાથે વિવિધ ગેમ,રમતો અને ટીવી જોઈને દિવસો પસાર કરે છે ત્યારે આ સંજના ટાંક ટિકટોક દ્વારા કોરોના વાઈરસ મામલે લોકોને જાગૃત કરવા અને પી એમ મોદી ની અપીલ ને સાથ આપવા વિડીયો બનાવી રહી છે.ત્યારે આ અપીલ ને સૌ કોઈ લોકો બિરદાવી રહ્યા છે સાથે ફોલો પણ કરી રહ્યા છે..



### લોકડાઉનમા ખેડબ્રહ્મામા દારુડીયો પકડાયા


ખેડબ્રહ્મા ટાઉન મા અને ગુજરાતની બોડરો તમામ શીલ કરવામા આવી છે ચુસ્ત બંદોબસ્ત ખાબક્યો છે ત્યારે ખેડબ્રહ્મામા ટાઉનમા આજે દારુડીયો પકડાયો હતો. હવે જો ખેડબ્રહ્મામા લોકડાઉનમા ટાઉન પોલીસ ધ્વારા સઘન ચેકીંગ અને ડ્રોન ધ્વારા તપાસ કરતી પોલીસને આ દારુના અડ્ડા દેખાતા નથી કે શું ? વધુમા ટાઉન જમાદાર લક્ષ્મણભાઈ ટાઉનમાં તો ગણો દબદબો રાખે છે લોકો પર જાણે છે પણ શું એમને આ દારુડીયા દેખાતા નથી ? અરે દારુડીયા તો ઠીક પણ આ દારુ ખેડબ્રહ્મામા આવે છે ક્યાથી એ પણ મોટો સવાલ છે. લોકડાઉન માત્ર લોકો માટે હોય તેમ લાગે છે દારુડીયા માટે કોઈ પણ લોક નહી કે ખાલી દારૂ પીને ડાઉન થવાનુ વારો આવે છે ખેડબ્રહ્મા ટાઉનમા જો દારુ બંધ કરવામાં આવે તો સાચા અર્થમા લોકડાઉનનો મતલબ સમજાય.

# પાલનપુરમાં લોકડાઉનમાં ડ્રોન કેમેરાની નજરે ચડેલા બાવીસ શખ્સો સામે કાર્યવાહી

પાલનપુર, તા. ૩૧

પાલનપુરમાં લોકડાઉન ડ્રોન કેમેરાની મદદથી બજારમાં રખડતાં શખ્સો ઉપર નજર રાખવામાં આવી રહી છે. જ્યાં કેમેરાની નજરે ચડેલા બાવીસ શખ્સો સામે કાર્યવાહી કરવામાં આવી હતી. બનાસકાંઠાના ઈતિહાસમાં પ્રથમવાર ડ્રોન કેમેરાથી કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

કોરોનો વાયરસને ફેલાતો અટકાવવા લાગુ કરવામાં આવેલ લોકડાઉનનો ભંગ કરતા ઈસમો સામે કાર્યવાહી માટે બનાસકાંઠા પોલીસ દ્વારા આધુનિક ટેક્નોલોજીનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. આ અંગે સૂત્રોએ જણાવ્યું હતું કે કોરોના વાયરસના કારણે મહામારી થતી અટકાવવા અને કોરોના વાયરસનો ફેલાવો થતો અટકાવવા માટે તા.૨૩-૩-૨૦૨૦ના રાત્રીનાં ૧૨ વાગ્યાથી રાજ્યભરમાં લોક ડાઉન જાહેર કરવામાં આવેલ છે જે અનુસંધાને બનાસકાંઠા પોલીસ અધિક્ષક તરૂણકુમાર દુગ્ગલ દ્વારા લોકડાઉનનો ચુસ્ત પણે અમલ કરાવવા નવતર પ્રયોગ હાથ ધરવામાં આવેલ છે. જે અંર્તગત આધુનિક



ટેકનોલોજીનો ઉપયોગ કરીને જિલ્લાના જુદા જુદા વિસ્તારોમાં ડ્રોન કેમેરા ઉડાડી લોક ડાઉનનો ભંગ કરતા બાવીસ ઈસમોને અંગે માહિતી મેળવી તેમની સામે પાલનપુર મુકામે જાહેરનામા ભંગ અંગેની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે. ઉલ્લેખનીય છે કે, બનાસકાંઠામાં પાલનપુર, ડીસા, ધાનેરા, થરાદ સહિત મોટા શહેરોમાં હવે ડ્રોન કેમેરા દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવનાર છે. બનાસકાંઠા પોલીસ દ્વારા લોકો પાસે પણ મદદ માંગવામાં આવી છે. જેમાં જણાવાયું છે કે પોલીસ દ્વારા ૯૯૧૩૧૬૧૦૦૦ વોટ્સએપ નંબર જાહેર કરાયો છે. જો જાહેર સ્થળે પાંચ વ્યક્તિ ભેગા થાય, હોમ કોરોન્ટાઈલ કરાયેલા વ્યક્તિ બહાર ફરતાં જણાય, આવશ્યક ચીજવસ્તુઓ સિવાયની દુકાનો ખુલ્લી જણાય તો ગામના નામ સરનામાં સાથે ફોટોગ્રાફ મોકલી આપવા જણાવાયું છે. આ અંગે જિલ્લા પોલીસ વડાએ જણાવ્યુ હતુ કે બિન જરૂરી લટાર મારવા બહાર નીકળતા લોકોને યુવકોને તાકીદ કરવામાં આવી છે કે તેઓ બિનજરૂરી બહાર ન નીકળે જા બિન જરૂરી બહાર નિકળશે તો તેમની સામે ફરિયાદ દાખલ કરવામાં આવશે.